ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં ત્રયં યસ્યૈકતાં ગતમ્
મુનેઃ અનન્યચિત્તસ્ય તસ્ય દુઃખં ન વિદ્યતે (30-1)

શબ્દાર્થ: ધ્યાતા = ધ્યાન કરનાર, ધ્યેયં = ધ્યાન કરવા યોગ્ય વિષય, તથા = અને, ધ્યાનં = ધ્યાન, ત્રયં = ત્રણે; યસ્ય = જેની, એકતાં = એકતાને, ગતં = પ્રાપ્ત થયેલ છે; મુનેઃ = મુનિને, અનન્યચિત્તસ્ય = અનન્ય ચિત્તવાળાને, તસ્ય = તેને, દુઃખં = દુઃખ, ન = નહિ, વિદ્યતે = હોતું

શ્લોકાર્થ: ધ્યાતા, ધ્યેય અને ધ્યાન આ ત્રણેની એકતાને પામેલા અને જેનું ચિત્ત અન્યસ્થળે નહિ (અનન્ય ચિત્તવાળા) એવા મુનિને દુઃખ હોતું નથી.

ભાવાર્થ: કોઈ પણ એકવસ્તુના ચિંતન-મનનમાં અંતર્મુહૂર્ત કાલ સુધી ચિત્તનું સ્થિર થઈ જવું તેને ધ્યાન કહેવાય છે.
શુભચિંતનમાં એકાગ્રતા હોય તો શુભ ધ્યાન અને અશુભ ચિંતનમાં એકાગ્રતા હોય તો અશુભ ધ્યાન.

ધ્યાનનો અર્થ છદ્મસ્થ જીવોને આશ્રયી અને કેવલજ્ઞાનીને આશ્રયી ભિન્ન ભિન્ન છે. ૧ થી ૧૨ ગુણઠાણાં સુધીના જીવો જ્ઞાનાવરણીય આદિ કર્મના ઉદયવાળા હોવાથી છદ્મસ્થ કહેવાય છે. છદ્મ એટલે ઢાંકણ... તેમાં રહેનારા અર્થાત્ કર્મના આવરણવાળા જીવો છદ્મસ્થ કહેવાય.

છદ્મસ્થ જીવો દ્રવ્યમન અને ભાવમનવાળા છે.
મનોવર્ગણાના પુદ્ગલો ગ્રહણ કરવા તે દ્રવ્યમન અને કોઈપણ વસ્તુનું વધારે ઊંડું જ્ઞાન મેળવવા જે ચિંતન-મનન કરવું તે ભાવમન

છદ્મસ્થ અને કેવલીભગવંત એમ બંનેને દ્રવ્યમન હોય છે.
છદ્મસ્થ જીવોમાં માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને જ દ્રવ્યમન હોય છે. ૧ થી ૪ ઇન્દ્રિયવાળા અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવોને દ્રવ્યમન હોતું નથી.

કેવલીભગવંતોને અનુત્તરવાસી દેવોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવાના કાલે જ દ્રવ્યમન હોય છે.
ભાવમન કેવલી ભગવાન સિવાય સર્વ સંસારી જીવોને હોય છે.
શંકા: કેવલીને ભાવમન કેમ ન હોય?

(30-1)

સમાધાન: એકેન્દ્રિય, વિકલેન્દ્રિય (2-3-4 ઇન્દ્રિયવાળા) અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં દ્રવ્યમન ન હોવાથી ભાવમન અલ્પ-પ્રમાણમાં કામ કરી શકે છે. માટે તે બધાને અસંજ્ઞી કહેવાય છે.

1 થી 12 ગુણસ્થાને રહેલા સંજ્ઞી (દ્રવ્ય મનવાળા) પંચેન્દ્રિય જીવોને ઘાતીકર્મોને (જ્ઞાનાવરણીય આદિ) ક્ષયોપશમભાવ હોવાથી ભાવમન હોય છે.

કેવળી સર્વજ્ઞ હોવાથી, તેમને ચિંતન-મનન કરવાની જરૂર જ નથી. જ્યાં ક્ષયોપશમભાવ જ નથી ત્યાં ચંચળતા નથી, તેથી એકાગ્રતાવાળું ધ્યાન કેવળીને હોતું નથી.

શંકા: કેવળી માટે ધ્યાનની વ્યાખ્યા શું?

સમાધાન: "યોગનો નિરોધ" તે ધ્યાન. મન-વચન-કાયાના યોગનો નિરોધ તેરમા ગુણસ્થાનના અંતે કરાય છે અને 14મા ગુણઠાણે નિરોધ થઈ ચૂક્યો છે.

કેવળી ભગવંતોમાં ચિંતન-મનનની પ્રક્રિયારૂપ મતિજ્ઞાન ન હોવાથી મનની ચંચળતા નથી. ~~પરંતુ~~

13મા ગુણસ્થાનના છેડે મન-વચન-કાયાના યોગનું અટકાવવું (યોગનો નિરોધ) તે ધ્યાન તથા 14મા ગુણઠાણે સર્વથા યોગનો વિચ્છેદ થવો તે ધ્યાન હોય છે.

અર્થાત્ આત્મપ્રદેશોની સ્થિરતારૂપ ધ્યાન હોય છે.

આટલી સમજણ મેળવ્યા પછી હવે પહેલા શ્લોકનો ભાવાર્થ સમજીએ.

ધ્યાતા એટલે ધ્યાન કરનાર આત્મા.

ધ્યેય એટલે ધ્યાન કરવા યોગ્ય એવા પ્રવૃત્તિનું અંતિમ લક્ષ્ય

ધ્યાન એટલે ચિંતનનો વિષય એવા ધ્યાતા અને ધ્યેયનો જોડનારી ક્રિયા.

જે મુનિ ધ્યાતા છે, ધ્યેય એવા પરમાત્મામાં એકલીન બન્યા છે, અન્ય સ્થાનમાં જેનું ચિત્ત ગયું નથી તે મુનિના આત્માનું સ્વરૂપ અને પરમાત્માનું સ્વરૂપ સરખું છે. ભલે એક આત્મા (પરમાત્માનો આત્મા) નિરાવરણ (આવરણ રહિત) અને બીજો પોતાનો આત્મા, આવરણવાળો હોય તો પણ સત્તાથી સમાન છે.

જેમ એક માણસ પાસે million dollar ની cash ઘરમાં છે,

# 30 - ધ્યાન અષ્ટક



(30-1)

અને બીજા માણસ પાસે Million dollar cash બેંકમાં છે. તો પણ બંનેને સરખો આનંદ કે સુખ હોય છે. બેંકનું આવરણ છે એનું બીજા માણસને દુઃખ નથી હોતું.

તેમ યોગી મહાત્માને પોતાનો આત્મા વીતરાગ તુલ્ય સત્તાએ જણાય છે. વીતરાગ પરમાત્માએ પોતાનું સ્વરૂપ ખોલ્યું છે (હાથમાં cash હોય તેમ) અને યોગી મહાત્માએ પોતાનું સ્વરૂપ હવે ખોલવાનું છે. (cash બેંકમાં પડી છે તેમ).

પ્રવચનસાર નામના ગ્રંથમાં ૮૦મી ગાથામાં કહ્યું છે:
"જે મનુષ્ય અરિહંત પરમાત્માને શુદ્ધ દ્રવ્ય તરીકે, અનંત ગુણમય તરીકે અને શુદ્ધ પર્યાય તરીકે જાણે છે, તે મનુષ્ય પોતાના આત્માને પણ તેવો જ છે એમ જાણીને તેનું સ્વરૂપ પ્રગટ કરવા પ્રયત્ન કરે છે, તેથી તેનો મોહ નાશ પામે છે.

અહીં ધ્યાતા અર્થાત ધ્યાન કરનાર મુનિનો આત્મા સમજવો. ધ્યેય, આત્મામાં જ રહેલું પરમાત્મપણું સમજવું અને ધ્યાન એટલે સ્વરૂપ મેળવવામાં જે એકાગ્રતા છે તે જાણવી.
આ ત્રણેની (ધ્યાતા, ધ્યાન, અને ધ્યેય) જે અભેદતા છે, તો મોહના ક્ષયથી ---- થાય છે. આવી ઊંચી દશાએ પહોંચેલા મુનિને કોઈ વાતે દુઃખ હોતું નથી. સંસાર એક સ્વપ્ન જેવો છે અથવા કર્મરાજાએ કરાવેલા નાટકની જેમ અનિત્ય છે એટલે અંતરની ઈચ્છા વિના પડેલાં કર્મના ભોગથી તેમને સુખ દુઃખ થતું નથી. દેહ સાથેનો સંબંધ તો અયોગી કેવળીના ગુણસ્થાન સુધી રહેવાનો છે. પરંતુ દેહથી પર થઈ, દેહાતીત બની ધ્યાનમાં લીન થનાર મુનિ મહાત્માને કોઈ દુઃખ હોતું નથી.

## ૩૦: ધ્યાન અષ્ટક



ધ્યાતાન્તરાત્મા ધ્યેયસ્તુ, પરમાત્મા પ્રકીર્તિતઃ
ધ્યાનં ચૈકાગ્ર્યસંવિત્તિઃ, સમાપત્તિસ્તદેકતા (૩૦-૨)

શબ્દાર્થ: ધ્યાતા = ધ્યાન કરનાર, અન્તરાત્મા = અંતરાત્મા છે, ધ્યેય = ધ્યાન કરવા યોગ્ય વિષય, તુ = પરંતુ, પરમાત્મા = પરમાત્મા, પ્રકીર્તિતઃ = કહી છે, ધ્યાનં = ધ્યાન, ચ = અને, ઐકાગ્ર્ય = એકાગ્રતા, સંવિત્તિ = બુદ્ધિ, સમાપત્તિ = સમાપત્તિ, તદેકતા = તેની એકતા

શ્લોકાર્થ: ધ્યાન કરનાર (ધ્યાતા) અંતરાત્મા છે, ધ્યાન કરવા યોગ્ય (ધ્યેય) પરમાત્મા છે, (અને) ધ્યાન એકાગ્રતાની બુદ્ધિ છે, આ ત્રણેની એકતા તે સમાપત્તિ છે.

ભાવાર્થ: આત્માના ત્રણ ભેદ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. મોહને આધીન જે આત્મા હોય તે બહિરાત્મા.
મિથ્યાત્વ મોહ તથા અનંતાનુબંધી ચાર કષાયોનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ જેણે કર્યો હોય તે અન્તરાત્મા. ચોથા થી ૧૨ ગુણસ્થાનકના જીવો અન્તરાત્મા કહેવાય. આ જીવો સમ્યગ્દૃષ્ટિ હોવાથી અને મોહનો કંઈક અંશે ક્ષય થયેલ હોવાથી ધ્યાન માટે યોગ્ય છે.
કેવલી પરમાત્મા કૃતકૃત્ય (સર્વજ્ઞ) હોવાથી ધ્યાતા નથી.

આવા ધ્યાન માટે અંતરાત્મા જ અધિકારી છે. એણે ધ્યાનના ધ્યેય તરીકે અરિહંત પરમાત્મા કે સિદ્ધ ભગવાનનું લક્ષ્ય રાખવું જોઈએ, એટલે કે કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે ધ્યાન ધરવું જોઈએ. વળી આ ધ્યાન એક જ વિષયનું હોવું જોઈએ, એમાં વચ્ચે વિજાતીય, વિપરીત વિષય ન આવવો જોઈએ. અરિહંત પરમાત્માનું ધ્યાન ચાલતું હોય તો એમના દ્રવ્ય, ગુણ અને પર્યાય એમનો જાણવા જોઈએ.

ધ્યાનના વિષયમાં "સમાપત્તિ" પારિભાષિક શબ્દ છે. આ શબ્દ જૈન દર્શનમાં વપરાય છે. સંસ્કૃત ભાષામાં 'સમાપત્તિ' એટલે પરસ્પર મળવું, એકરૂપ થવું.

ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતાને સમાપત્તિ કહેવાય છે. ઉપર ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણેના ગુણલક્ષણો બતાવ્યા છે તે પ્રમાણે હોય તો સમાપત્તિ, અન્યથા નહિ. ધ્યાતા ભૌતિક જીવનમાં રાચનાર હોય, ધ્યેય પૌદ્ગલિક સુખ હોય એવા ધ્યાનને સમાપત્તિ કહી શકાય નહિ.

મણાવિવ પ્રતિચ્છાયા, સમાપત્તિઃ પરાત્મનઃ
ક્ષીણવૃત્તૌ ભવેદ્ ધ્યાનાદ્, અન્તરાત્મનિ નિર્મલે (૩૦-૩)

<u>શબ્દાર્થ</u>: મણાવિવ = મણૌ + ઇવ = મણિની જેમ, પ્રતિચ્છાયા = પ્રતિબિંબ, સમાપત્તિઃ = સમાપત્તિ, પરાત્મનઃ = પરમાત્માનું, ક્ષીણવૃત્તૌ = ક્ષીણવૃત્તિવાળા, ભવેદ્ = હોય, ધ્યાનાત્ = ધ્યાનથી, અન્તરાત્મનિ = અંતરાત્મામાં, નિર્મલે = નિર્મળ

<u>શ્લોકાર્થ</u>: ક્ષીણ વૃત્તિવાળા નિર્મળ અંતરાત્મામાં ધ્યાનથી પરમાત્માનું મણિની જેમ પ્રતિબિંબ પડે તેને સમાપત્તિ કહેવાય છે.

<u>ભાવાર્થ</u>: સમાપત્તિને સમજાવવા માટે અહીં મણિ એટલે કે રત્નનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. સિદ્ધ પરમાત્માનો શુદ્ધ આત્મા અને પોતાનો સત્તાગત રીતે શુદ્ધ આત્મા, આ બંનેની એકતા-તન્મયતા તેનું નામ સમાપત્તિ. જેમ નિર્મળ સ્ફટિક જેવા રત્નમાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે તેમ પોતાના આત્મામાં પરમાત્માના શુદ્ધ આત્માનું પ્રતિબિંબ પડે છે એને સમાપત્તિ કહેવાય છે.

પ્રતિમાનું પ્રતિબિંબ સ્ફટિકમાં ક્યારે પડે? સ્ફટિક અત્યંત નિર્મળ (clean) હોય તો. નિર્મળ એટલે ક્રોધ-માન-માયા-લોભ એમ ચાર કષાયો તથા મોહદશાના અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો રૂપી મેલથી રહિત અંતરાત્મા બને ત્યારે જ પ્રતિબિંબ પડે છે.

આ અંતરાત્મા કેવો હોય ત્યારે પ્રતિબિંબ પડે? તો કહે છે કે <u>ક્ષીણવૃત્તિ</u>: એટલે જેની વૃત્તિઓ ક્ષીણ થઈ ગઈ છે એવો અંતરાત્મા. વૃત્તિઓ અને પરિણામો જ અન્તરાત્મદશાના મોટા અવરોધો છે. વૃત્તિ એટલે પરાશ્રયતા - પર દ્રવ્ય ઉપર નભવું. પાંચેય ઇન્દ્રિયોના વિષયોની પરાધીનતા. આવી પરાધીનતા એટલે કે વૃત્તિઓ જેની ક્ષીણ થઈ ગઈ છે તે અન્તરાત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબ એવું પડશે કે માણસ ભૂલાવામાં પડી જાય કે આ મણિ નથી પણ વસ્તુ છે, એટલે કે <u>અભેદ</u> દેખાશે. તેવી રીતે નિર્મળ અંતરાત્મામાં પરમાત્માનું પ્રતિબિંબ એવું પડશે કે જેથી ધ્યાન <u>અવસ્થામાં અંતરાત્મા અને પરમાત્મા</u> ~~વચ્ચે~~ <u>વચ્ચે અભેદ સધાય</u>. આમ ધ્યાતા, ધ્યેય અને ધ્યાનમાં જ્યારે એકતા હોય ત્યારે તેને સમાપત્તિ કહેવામાં આવે છે.

આપત્તિશ્ચ તતઃ પુણ્ય-તીર્થકૃત્કર્મબન્ધતઃ
તદ્ભાવાભિમુખત્વેન સંપત્તિશ્ચ ક્રમાદ્ ભવેત્ (૩૦-૭)

શબ્દાર્થ: આપત્તિઃ = ફળની પ્રાપ્તિ; ચ = અને; તતઃ = ત્યારપછી, તેથી; પુણ્ય = પુણ્ય પ્રકૃતિરૂપ; તીર્થકૃત્ કર્મબન્ધતઃ = તીર્થંકર નામકર્મના બંધથી; તદ્ભાવ = તે ભાવના, તીર્થંકરપણાના ભાવના; અભિમુખત્વે = અભિમુખપણાથી; સંપત્તિઃ = આત્મિક સંપત્તિરૂપ ફળ; ક્રમાત્ = ક્રમથી ભવેત્ = થાય

શ્લોકાર્થ: તે સમાપત્તિથી પુણ્ય-પ્રકૃતિરૂપ તીર્થંકર નામકર્મના બંધથી આપત્તિ અર્થાત્ ફળની પ્રાપ્તિ થાય છે અને તીર્થંકરપણાના અભિમુખપણાથી અનુક્રમે સંપત્તિરૂપ ફળ થાય છે.

ભાવાર્થ: સમાપત્તિ એ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા છે. આપત્તિ અને સંપત્તિ એ સમાપત્તિના ફળ છે. સમાપત્તિથી આપત્તિ અને આપત્તિથી સંપત્તિ.
અહીં 'આપત્તિ' શબ્દ પારિભાષિક અર્થમાં વપરાયો છે. આમ તો આપત્તિ એટલે દુઃખ, મુશ્કેલી વગેરે. પણ આપત્તિનો પારિભાષિક અર્થ થાય છે 'પ્રાપ્તિ', કંઈક મેળવવું.
સમાપત્તિથી તીર્થંકર નામ કર્મ બંધાય છે તે સમાપત્તિનું ફળ છે. તેને 'આપત્તિ' કહેવામાં આવે છે. જે આત્મા તીર્થંકર નામકર્મ બાંધે, તે જ આત્મા, તીર્થંકર નામ કર્મ ઉદયમાં આવે ત્યારે તીર્થંકર બને અને ધર્મતીર્થની સ્થાપના કરે અર્થાત્ પ્રવર્તાવે. નામ કર્મના 103 ભેદ છે તેમાં એક છે તીર્થંકર નામ કર્મ. આ કર્મ જે આત્મા બાંધે અને નિકાચીત કરે તે ત્રીજા ભવે તીર્થંકર બને.
સમાપત્તિનું અનુક્રમે બીજું ફળ છે "સંપત્તિ". સંપત્તિ એટલે બાહ્ય-નિષ્કત, ઐશ્વર્ય. ત્રીજા ભવમાં જ્યારથી જન્મ થાય ત્યારથી 'સંપત્તિ' અર્થાત્ ઐશ્વર્ય. તેમનું ચ્યવન કલ્યાણક અને પછી જન્મ કલ્યાણક ઉજવાય. દીક્ષા પહેલા તેઓ વરસીદાન આપે. દીક્ષા કલ્યાણક ઉજવાય અને તેમને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય. આ બધી સંપત્તિ તેઓ કેવળજ્ઞાન પામી તીર્થંકર થાય તે પહેલા એમને પ્રાપ્ત થાય. આવો અપૂર્વ વૈભવ, યશ, કીર્તિ વગેરે આશ્ચર્યજનક સંપત્તિ પ્રાપ્ત થાય. અનંત ચતુષ્ટય (અનંત કેવળજ્ઞાન અનંત કેવળદર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય) એ સંપત્તિ પ્રાપ્ત થાય છે.

ઇત્થં ધ્યાનફલાદ્ યુક્તં, વિંશતિસ્થાનકાદ્યપિ
કષ્ટમાત્રં ત્વભવ્યાનામપિ નો દુર્લભં ભવે (૩૦-૪)

શબ્દાર્થ: ઇત્થં = એ પ્રમાણે; ધ્યાનફલાત્ = ધ્યાનના ફળથી; યુક્તં = યોગ્ય, વિંશતિસ્થાનકાદિ = વીશ સ્થાનક આદિ તપ; અપિ = પણ; કષ્ટમાત્રં = કષ્ટમાત્રરૂપ; તુ = તો; અભવ્યાનામપિ = અભવ્યોને પણ; ન = નહિ; દુર્લભં = દુર્લભ; ભવે = સંસારમાં

શ્લોકાર્થ: આ પ્રમાણે ધ્યાનના ફળથી વીસ સ્થાનક આદિ તપ પણ યોગ્ય છે. કષ્ટમાત્રરૂપ (તપ) તો સંસારમાં અભવ્યોને પણ દુર્લભ નથી.

ભાવાર્થ: ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા રૂપ સમાપત્તિ કેટલી ઉત્કૃષ્ટ કોટિએ પહોંચી શકે? તો શાસ્ત્રોમાં કહ્યામાં આવ્યું છે કે "વીશ સ્થાનક" તપથી તીર્થંકર નામકર્મ બંધાય છે. તીર્થંકરો પણ પૂર્વના ત્રીજા ભવમાં આ તપ કરીને તીર્થંકર નામ કર્મ બાંધે છે. આ વીશ સ્થાનક નીચે પ્રમાણે છે.

(૧) તીર્થંકર (૨) સિદ્ધ (૩) પ્રવચન (૪) ગુરુ (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી (૮) દર્શન (૯) વિનય (૧૦) આવશ્યક (૧૧) શીલ (૧૨) વ્રત (૧૩) ક્ષણલવ સમાધિ (૧૪) તપ સમાધિ (૧૫) ત્યાગ (દ્રવ્યથી) (૧૬) ત્યાગ (ભાવથી) (૧૭) વૈયાવચ્ચ (૧૮) અપૂર્વ જ્ઞાન ગ્રહણ (૧૯) શ્રુતભક્તિ (૨૦) પ્રવચન પ્રભાવના

પહેલા તીર્થંકર ઋષભદેવ અને છેલ્લા તીર્થંકર મહાવીરસ્વામીએ પૂર્વ ભવમાં આ વીશેવીશ સ્થાનકોની આરાધના કરી હતી. મધ્યના ૨૨ તીર્થંકરોએ — કોઈએ બે, કોઈએ ત્રણ એમ અનિયમિત સંખ્યામાં આરાધના કરી હતી. પરંતુ આ બધી જ આરાધનામાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ સમાપત્તિ તો હોય જ. એના વિના તીર્થંકર નામકર્મ ન બાંધી શકાય.

વીશ સ્થાનકની આરાધના ઉપવાસ વગેરે અમુક તપશ્ચર્યા, અમુક માળા, અમુક કાઉસગ્ગ ઇત્યાદિથી થાય છે. આ દ્રવ્ય ક્રિયા છે. આની સાથે જે પદની આરાધના ચાલતી હોય તે પદનું ધ્યાન ધરાવું જોઈએ. જો ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતારૂપ સમાપત્તિ તપશ્ચર્યાની સાથે ન જોડાયેલી હોય તો તપશ્ચર્યા માત્ર દ્રવ્યક્રિયા બની રહે છે.

ધ્યાન વગરની એવી વીશ સ્થાનકની આરાધના મોટું ફળ આપતી નથી. એ માત્ર કષ્ટ બની રહે છે. આવી કષ્ટરૂપ વીશ સ્થાનકની આરાધના તો અભવ્ય જીવોને પણ સુલભ છે. પરંતુ તેવા જીવો અમુક કક્ષાથી ઊંચે ચઢી શકતા નથી અને <u>અભવ્ય જીવ તીર્થંકર તો ક્યારેય બની શકે નહિ. માટે વીશ સ્થાનકની આરાધના ધ્યાન સાથે કરવી જોઈએ અને એમાં પણ સમાપત્તિ સુધી પહોંચવું જોઈએ.</u>

<u>શંકા:</u> વીશ સ્થાનકની તપશ્ચર્યા સારી રીતે થાય છે, પણ ધ્યાન ધરવાનું ફાવતું નથી તો શું આરાધના માત્ર કષ્ટરૂપ હોવાથી છોડી દેવી?

<u>સમાધાન:</u> ના, એમ ઉતાવળે આરાધના છોડવી તો યોગ્ય નથી. એમ કરવાથી બેય બગડે છે. આરાધના કરનારે મહાત્માના માર્ગદર્શન હેઠળ ક્રમે ક્રમે ધ્યાન ધરતા શીખવું જોઈએ. એમ કરતાં કરતાં દ્રવ્ય આરાધના સાથે ધ્યાનમાં આગળ વધી શકાય છે.

<u>શંકા</u> ધ્યાતા વીશસ્થાનક તપ શા માટે કરે?

<u>સમાધાન:</u> વીશ સ્થાનક તપમાં જે જે સ્થાનની આરાધના કરાય છે તે તે સ્થાનમાં વર્તતા ગુણી પુરુષો પ્રત્યે હૃદયમાં અત્યંત બહુમાન થાય છે, કારણ કે ધ્યેયની સાથે એકાગ્રતા છે. તેથી ગુણી પુરુષો ઉપરના બહુમાનપૂર્વક કરાતો તપ તીર્થંકર નામકર્મના બંધ દ્વારા સમાપત્તિ (તીર્થંકર નામકર્મનો બંધ) અને સંપત્તિ (કેવળજ્ઞાન) આપનાર બને છે માટે વીશ સ્થાનક તપ કરવો ઉચિત છે.

જિતેન્દ્રિયસ્ય ધીરસ્ય પ્રશાન્તસ્ય સ્થિરાત્મનઃ
સુખાસનસ્થસ્ય નાસાગ્રન્યસ્તનેત્રસ્ય યોગિનઃ (30-1)

શ્લોકાર્થ: જે જિતેન્દ્રિય (૧) છે, ધીર (૨) છે, પ્રશાંત (૩) છે, જેનો આત્મા
(૪) સ્થિર છે, જે સુખાસનમાં (૫) રહેલો છે, જેણે નાસિકાના અગ્રભાગ
ઉપર નેત્ર સ્થાપ્યા છે (૬), જે યોગી છે (૭)

રુદ્ધબાહ્યમનોવૃત્તેર્ધારણાધારયા રયાત્
પ્રસન્નસ્યાપ્રમત્તસ્ય ચિદાનન્દસુધાલિહઃ (30-2)

શ્લોકાર્થ: ધારણાની ધારા વડે વેગથી જેણે બાહ્ય ઇન્દ્રિયોને અનુસરનારી
(૮) મનની વૃત્તિને રોકી છે, જે પ્રસન્ન ચિત્તવાળા (૯) છે, પ્રમાદરહિત છે, (૧૦)
જેઓ જ્ઞાનાનંદરૂપ અમૃતનો સ્વાદ લેનારા (૧૧) છે. (30-2)

સામ્રાજ્યમપ્રતિદ્વન્દ્વમન્તરેવ વિતન્વતઃ
ધ્યાનિનો નોપમા લોકે સદેવમનુજેઽપિ હિ (30-3)

~~ભાવાર્થ: (શ્લોક ૧-૨-૩ નો સાથે)~~

શ્લોકાર્થ: અંતરમાં જ વિપક્ષ (શત્રુ) રહિત સામ્રાજ્યનો વિસ્તાર કરનારા એવા ધ્યાની માટે દેવલોક સહિત મનુષ્યલોકમાં પણ ખરેખર કોઈ ઉપમા નથી.

શ્લોક ૧-૨-૩ નો ભાવાર્થ:

આ ત્રણ શ્લોકમાં સર્વશ્રેષ્ઠ ધ્યાનીના કેટલાક લક્ષણો આપવામાં આવ્યા છે. ઉપમાથી સમજાવી શકાય એવી કોઈ વસ્તુ, દેવ અને મનુષ્યથી ભરેલા આ વિશ્વમાં નથી.

આ લોક અસંખ્ય દેવો અને અપાર મનુષ્યોથી ભરેલો છે. પણ તેમાં કોઈ એવો જણ નથી કે જેના જીવનને ધ્યાનસ્થ મુનિની સાથે સરખાવી શકાય.

આવા ધ્યાની મહાત્મા પોતાના આત્માની અંદર જ સ્વાધીન, અનન્તશત્રુવાળું ગુણોમાં આનંદરૂપ સામ્રાજ્ય ભોગવે છે માટે તેઓને ઉપમાથી સરખાવી શકાય તેવી કોઈ ઉપમા આ સંસારમાં મળતી નથી.

આ ધ્યાની મહાત્મા કેવા છે? આ વાત ૧૧ વિશેષણોથી સમજાવે છે.

(૧) જિતેન્દ્રિય: ધ્યાની મહાત્માએ પોતાની પાંચે ઇન્દ્રિયોને એના વિષયોમાં જતી અટકાવી ~~શક~~ રાખી હોય છે. તે ઇન્દ્રિયો પૌદ્ગલિક વિષયોમાં રાચતી નથી, પોતાની ઇન્દ્રિયોને અંદર વાળીને તેઓ સ્વરૂપમાં રમણતા કરે છે.

(૨) ધીર: ધીરજગુણવાળા એટલે કે પોતાના આત્માનું વીર્ય પ્રગટ કરવામાં એવું સામર્થ્ય કરે કે ગમે તેવા પ્રબળ પરીષહો—ઉપસર્ગો આવે તો પણ અકંપ રહેનારા અને આત્મસ્વરૂપમાં જ સ્થિર રહે છે. જે ધીર હોય તે જ ધ્યાનમાંથી ચલિત ન થાય.

(૩) પ્રશાન્ત: અતિશય શાંત સ્વભાવવાળો એટલે કે ક્રોધ, માન, માયા, લોભ એમ ચાર કષાય અને નવ (૯) નોકષાયોની પરિણતિ વિનાનો જે આત્મા ધીરસ્વભાવવાળો હોય તે પ્રશાંત જ હોય છે. આવો ધીર તથા પ્રશાંત બને જ આત્માના ગુણોનો સ્વાદ માણી શકે છે.

(૪) સ્થિર: સ્વરૂપ રમણતામાં સ્થિર હોય છે. તેમના મન-વચન અને કાયાના યોગોમાં સંચળતા હોતી નથી.

(૫) સુખાસની: સુખાસન એટલે સુખે, આરામથી બેસી શકાય તેવું આસન. ધ્યાન અવસ્થામાં એવું આસન (બેસવાની પદ્ધતિ) એવું હોય કે વારંવાર ઊંચાનીચા ન થવું પડે, એ આસને લાંબા સમય સુધી બેસી શકે.

(૬) નાસાગ્રનેત્ર: યોગવિદ્યાના આચાર્યોએ અનુભવથી શોધ્યું છે કે ધ્યાનમાં આંખોને નાકના અગ્રભાગ ઉપર સ્થિર રાખવાથી ચિત્ત સંયમમાં રહે છે, અને એકાગ્રતા વધે છે, પરમાત્માની સાથે એકતા સાધવા ઇન્દ્રિયનો સંયમ અનિવાર્ય છે.

(૭) યોગી: આત્માને મોક્ષની સાથે જોડે તેને યોગ કહેવાય છે. નિશ્ચયનયથી સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, આ રત્નત્રયીનો પરિણામ એ જ મોક્ષનો માર્ગ છે અને વ્યવહારનયથી તેના ઉપાયભૂત ગુરુવિનયાદિનો યોગ કહેવાય છે.

આમ સાત વિશેષણોવાળા મહાત્મા માટે છઠ્ઠી ગાથામાં (૬ ઠ્ઠા શ્લોકમાં) કહ્યું. બાકીના ચાર વિશેષણો ૭ મા શ્લોકમાં સમજાવે છે.

(૮) બાહ્ય મનોવૃત્તિ રોકનાર: પાંચ ઈન્દ્રિયો એક એક વિષયને જાણવામાં નિમિત્ત કારણ છે. તેમાં મન ભળવાથી રાગ-દ્વેષ થાય છે. પરિણામે નવો કર્મબંધ થાય છે. તેથી યોગી પુરુષો પોતાના મનને બાહ્ય ઈન્દ્રિયોમાં પ્રવૃત્ત (Join) કરતા નથી. મનને દરરોજ એવા પરમાત્માના ગુણોના ધ્યાનમાં જ જોડી દે છે. તેથી કર્મના આશ્રવો થતાં નથી.

(૯) પ્રસન્ન: જેમના જીવનમાંથી સ્પૃહા, ઈચ્છા ચાલી જાય, કંઈક મેળવવાની ચિંતા નીકળી જાય, કલુષિત (Bad) વૃત્તિઓ રહે નહિ ત્યારે અંતરનો જે આનંદ અનુભવાય તે પ્રસન્નતા કહેવાય.

(૧૦) અપ્રમત્ત: પ્રમાદ એટલે આળસ, મંદતા, શિથિલતા. અપ્રમાદ એટલે ઉત્સાહ, સ્ફૂર્તિ, સક્રિયતા. સાધુઓએ છઠ્ઠા પ્રમત્ત (પ્રમાદ) ગુણસ્થાનેથી સાતમા અપ્રમત્ત ગુણસ્થાને ચઢવાનું છે.

(૧૧) અમૃતના આનંદને અનુભવનાર: ધ્યાની મહાત્માઓ જ્ઞાનાનંદરૂપી અમૃતનો આસ્વાદ લેનારા હોય છે. સ્વરૂપમાં રમણતાનો આનંદ અનુભવ્યા પછી સાંસારિક વિષયોનો આનંદ ફિક્કો લાગે છે.

ઉપરના અગિયાર વિશેષણોથી યુક્ત યોગી જ્યારે ધ્યાનદશામાં વર્તતા હોય છે ત્યારે અનુપમ (જેની ઉપમા ન આપી શકાય) એવા આધ્યાત્મિક દશાના શ્રેષ્ઠ સામ્રાજ્યનો અનુભવ કરતા હોય છે.

કોઈ પરદ્રવ્યની પરાધીનતા નહિ, કોઈ પરદ્રવ્યની અપેક્ષા નહિ, કોઈ પરદ્રવ્યની મમતા નહિ, પોતાના આત્મગુણોની ~~સાથે~~ સાથે જ આનંદ, તેમાં જ સંપૂર્ણતા આવું સામ્રાજ્ય યોગીને હોય છે.

આ લોકમાં ધ્યાન કરનારા મહાત્માને કોઈની સાથે સરખાવી શકાય કે ઉપમાથી સમજાવી શકાય એવી કોઈ વસ્તુ દેવો અને મનુષ્યોથી ભરેલા આ વિશ્વમાં નથી.
અસંખ્ય દેવો અને અપાર મનુષ્યોથી ભરેલા આ લોકમાં કોઈ એવા જીવ નથી કે જેને ધ્યાનસ્થ એવા આ મુનિની સાથે સરખાવી શકાય.